

## કામધેનુ યુનિવર્સિટી દ્વારા

# ભારતીય અર્થવ્યવસ્થામાં કોરોના સમયમાં પશુપાલન ક્ષેત્રની ભૂમિકા વિષયક ટેકનીકલ વેબિનાર






ગાંધીનગર, તા.૧૦

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા દશાબ્દી મહોત્સવ નિમિતે તા. ૭ જુલાઈ, ૨૦૨૦ના રોજ ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને કેન્દ્ર અને રાજ્યના મંત્રીશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિમાં વૈજ્ઞાનિકો, પશુપાલકો અને વિદ્યાર્થીઓની જાણકારી અર્થે ટેકનીકલ વેબિનાર 'Role of Animal Husbandry sector during post COVID era for upliftment on Indian Economy' યોજવામાં આવેલ હતો. આ વેબિનારનું કામધેનુ યુનિવર્સિટીનાં ફેસબુક પરથી જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

આ દશાબ્દી મહોત્સવ નિમિતે યોજાયેલ વેબીનારમાં ડૉ. એ. કે. ગેહલોત, પૂર્વ કુલપતિ, રાજસ્થાન યુનિવર્સિટી ઓફ વેટરનરી એન્ડ એનિમલ સાયન્સ બીકાનેરનું ખાસ માર્ગદર્શન મળ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે શ્રી ગીરીરાજ સીંઘ, માન. મંત્રી મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી, ભારત સરકાર તથા કુંવરજીભાઈ બાવળિયા માન.મંત્રી પશુપાલન પાણી પુરવઠા, ગ્રામ ગૃહ નિર્માણ, ગુજરાત રાજ્ય, ડૉ. વલ્લભભાઈ કથીરિયા, માન. ચેરમેન, રાષ્ટ્રીય કામધેનુ આયોગ, ન્યુ દિલ્હી, મનીષ ભારદ્વાજ, સચિવ, પશુપાલન વિભાગ, ગુજરાત રાજ્ય હાજર રહી માર્ગદર્શન આપ્યું હતું. વિશેષમાં આ ટેકનીકલ વેબિનારમાં આચાર્ય દેવવ્રતજી, માન. રાજ્યપાલ, ગુજરાતની ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

આ વેબિનારની શરૂઆતમાં કામધેનુ યુનિવર્સિટીનાં કુલપતિ ડૉ. એન. એચ. કેલાવાલાએ કામધેનુ યુનિવર્સિટીની સ્થાપનાથી લઈ આજ દિન સુધીના યુનિવર્સિટીના વિવિધ ક્ષેત્રોમા થયેલ વિકાસની યાત્રા કરાવી હતી. જ્યારે ગુજરાત રાજ્યના રાજ્યપાલ માન. આચાર્ય દેવવ્રતજીએ વેબિનાર દરમ્યાન જણાવ્યું હતું કે કામધેનુ યુનિવર્સિટીની સ્થાપનો ઉદ્દેશ્ય રાજ્યનાં લોકોને શિક્ષણની સાથે સાથે રોજગાર અને લોકો પશુપાલન થકી આર્થિક રીતે સધ્ધર થાય તે છે વધુમાં પશુધનમાં નસલ સુધારણાની વાત કરતા જણાવ્યું હતું કે કોરોના કાળમાં પશુપાલન વ્યવસાય એ શ્રેષ્ઠ માધ્યમ છે. જ્યારે વેબિનાર દરમ્યાન ગુજરાત રાજ્યના નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલે વીડીયો મેસેજ દ્વારા કામધેનુ યુનિવર્સિટીને દશાબ્દી મહોત્સવ નિમિતે શુભકામનાઓ પાઠવી હતી.

વધુમાં આ વેબીનાર દરમ્યાન ગુજરાત રાજ્યના માન મંત્રી પશુપાલન, પાણી પુરવઠા અને ગ્રામ ગૃહ નિર્માણ કુંવરજીભાઈ બાવળિયાએ હાલના કોરોના કપરા સમયમાં પણ રાજ્ય સરકારે પશુપાલકો માટે કરેલ કાર્યો જણાવી નફા કારક પશુપાલન કઈ રીતે થઈ શકે તે અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. આ વેબીનારમાં કામધેનુ યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિ ડૉ. એમ. સી. વાર્ષ્ણેય, ડૉ.પી.એચ. વાટલિયા હાજર રહી માર્ગદર્શન આપેલ હતું. સમગ્ર વેબીનારનું સંચાલન કામધેનુ યુનિવર્સિટીનાં વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ નિયામક ડૉ. ભાવિકભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અને આભાર વિધિ કુલસચિવશ્રી મનીષ ગુપ્તા દ્વારા કરવામાં આવી હતી.

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે 'આત્મનિર્ભર ભારત હેકાથોન'નો પ્રારંભ

વલ્લભ વિદ્યાનગર, તા. ૧૦

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે માનવ સંશાધન વિકાસ મંત્રાલય (ભારત સરકાર ),ગવર્નમેન્ટ ઓફ ગુજરાત,TEQIP-III, BVM SSIP Cell અંતર્ગત તા.૦૯-૦૭-૨૦૨૦ ના રોજ 'આત્મનિર્ભર ભારત હેકાથોન' નો પ્રારંભ કરવામાં આવ્યો.જેના ઉદઘાટન પ્રસન્ગે મુખ્ય અતિથિ તરીકે ડૉ.એસ.જી.પટેલ (માનદ મંત્રી,ચારુતર વિદ્યામંડળ) ,ડૉ.પી.એમ.ખોડકે (સેન્ટ્રલ પ્રોજેક્ટ એડવાઈઝર, NPIU),એન્જીનીયર ભાસ્કર ત્રિવેદી (ડિરેક્ટર,પરફેક્ટ VIPs),એન્જીનીયર તેજસ વાઘેલા (GM/ ડિરેક્ટર,જીન્જી), ડૉ.ઈંદ્રજિત એન.પટેલ (પ્રિન્સિપાલ,બીવીએમ), ઈવેન્ટ કોર્ડીનેટર્સ ડૉ.ભાર્ગવ ગોરડિયા (નોડલ ઓફિસર, SSIP BVM) તથા ડૉ.રાજવીરસિંહ રાણા (કોર્ડીનેટર, SSIP BVM), ડૉ.ઝંખના શાહ ઉપસ્થિત રહ્યા હતા.

ઈવેન્ટ ની શરૂઆત પ્રાર્થનાગીત થી કરવામાં આવી હતી તથા ડૉ.ઝંખના શાહે ઉપસ્થિત મહાનુભાવો નો પરિચય આપ્યો હતો.આ પ્રસંગે સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે સૌનું અભિવાદન કર્યુ હતું તથા જણાવ્યું હતું કે બીવીએમ ખાતે બેસ્ટ ઈનોવેટિવ પ્રેક્ટિસીસ ઈન ટીચિંગ લર્નિંગ, લર્નિંગ બેયાન્ડ કરીક્યુલમ,ઈમબાઈબ કોર વેલ્યુઝ,ઈન્ડસ્ટ્રી ઈન્સ્ટિટ્યૂટ ઈન્ટરેક્શન,ઈક્યુબેશન ફોર સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન નું સફળ ઈમ્પલીમેંટેશન થયેલ છે.Covid-19 પેંડેમીક બીવીએમ ખાતે માં પણ અલગ અલગ ઈમર્જિંગ ટેક્નોલોજિકલ ટ્રેન્ડ્સ ને લગતા વેબિનાર,ઈન્ટેરનશનલ ટેક્નિકલ કોક્લેવ વર્કશોપ,વર્ચ્યુઅલ ઈન્ડસ્ટ્રીઅલ વિઝીટ નું આયોજન આઉટકમ બેઝ્ડ એજ્યુકેશન ને ધ્યાન માં રાખીને કરવામાં આવ્યું હતું જેમાં બીવીએમ પાયોનિયર સાબિત થયું છે. NPIU અને




વલ્ડબેંક અંતર્ગત TEQIP-III પ્રોજેક્ટ ઈમ્પલીમેંટેશન માટે ફેકલ્ટી તથા સ્ટાફ કમિટેડ છે તથા મોટા ભાગ ના પ્રોગ્રામ્સ NBA દ્વારા એક્રેડીએટ થયેલ છે.આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે અંતિમ વર્ષ ના પ્રોજેક્ટ્સ,ઈનોવેશન તથા પેટન્ટ માટે SSIP (BVM) પ્લેટફોર્મ પૂરું પાડે છે.આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે તા.૨૦ જૂન ૨૦૨૦ ના રોજ બીવીએમ ખાતે આત્મનિર્ભર આઈડિયાથોનનું સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં સમગ્ર ભારત માંથી ૨૫૪ ટીમો એ ભાગ લીધો હતો. બીવીએમ ખાતે યંગ માઈન્ડસ ને ઈનોવેશન માટે પ્લેટફોર્મ પૂરું પાડવાના ઉદ્દેશ્ય થી વર્ષ ૨૦૧૬ માં BVM Entrepreneurship and Innovation Cell ની શરૂઆત થઈ.સ્ટાર્ટ અપ ઈક્યુબેશન તથા સપોર્ટ માટે તે સરાઉન્ડિંગ ઈકો-સિસ્ટમ સાથે કોલબ્રેશન ધરાવે છે.અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૮ તથા ૨૦૧૯માં સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઈન્ડિયા હેકાથોન તથા ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ હેકાથોન માટે બીવીએમ હોસ્ટ સેન્ટર રહી ચૂક્યું છે જેમાં પ્રત્યેકમાં ૬૫૦ થી વધુ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો તથા વર્ષ ૨૦૧૮ માં યોજાયેલ આઈડિયાથોન માં ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો.બીવીએમ SSIP સેલેશરૂઆત થી વર્તમાન સમય સુધી પ્રોટોટાઈપ ડેવલપમેન્ટ તથા પ્રુફ ઓફ કન્સેપટ ડેવલપમેન્ટ માટે ૧૫ લાખ રૂપિયા સુધીની નાણાકીય સહાય કરી છે.

# ઈન્ડિયન રેડક્રોસ દ્વારા માસ્કનું વિતરણ કરાયું



ગાંધીનગર, તા. ૧૦

કોરોના મહામારી સામે બચાવનું હથિયાર સાબિત થઈ ચૂકેલા માસ્કનો ઉપયોગ દરેક નાગરિક કરે તે અનિવાર્ય બની ગયું છે. ત્યારે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા ૫૦૦ નંગ અને રાજય શાખા દ્વારા ૧૦૦૦ મળીને કુલ ૧૫૦૦ નંગ માસ્કનું વિનામૂલ્યે વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું. જિલ્લા શાખાના ચેરમેન અને સમાજ સેવાના પ્રહરી એવા જીલુભા ધાંધલે જણાવ્યું કે વધુને વધુ વ્યક્તિ સુધી માસ્ક પહોંચાડવા માટે, ઝુંભેશ શરૂ કરવામાં આવી છે.

માસ્ક વિતરણની શરુઆત શહેરના સિમાડે આવેલા મુક્તિધામ પર કામ કરતા કર્મચારીઓથી કરવામાં આવી હતી. ઉપરાંત રેડક્રોસના સભ્યોને માસ્ક અપાયા હતા. સેકટર-૨૬માં ગ્રીન સીટી વસાહતના રહેવાસીઓને માસ્ક આપવાની સાથે સેકટર-૨૧માં વૈજનાથ મહાદેવ મંદિર પર આવતા દર્શનાર્થી ભાવિકોને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરીમાં કાર્યરત તમામ કર્મચારીઓને તેમની શાખામાં દરેક ટેબર પર જઈને માસ્ક આપવામાં આવ્યા હતા.

# વિશ્વ વસ્તી દિવસ ઉજવણીનું મહત્વ

**વિશ્વ વસ્તી દિન**

**પ્રસંગસર**



**પ્રા. રમેશભાઈ મ. પટેલ**

ઈ.સ. ૧૯૮૭ના જુલાઈ માસની ૧૧મી તારીખે ૧૧ વાગે જન્મનાર બાળક વિશ્વની વસ્તીના છઠ્ઠા અબજમાં ઉમેરાતું પ્રથમ બાળક હતું. વસ્તી વધારો થવો એ સમગ્ર વિશ્વના માનવ માટે મોટા ખતરારૂપ ભયસ્થાન હતું. વસ્તી વધારાના ઘોડાપૂરને નાથવા માટે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા (UNO) એ ૧૯૮૭ના જુલાઈ માસની ૧૧મી તારીખે પ્રથમ વખત વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવાનું નક્કી કર્યું. આજે ૨૦૨૦ના જુલાઈ માસની ૧૧મી તારીખે ૩૩મો વિશ્વ



વસ્તી દિવસ વિશ્વનો જનસમૂહ ઉજવી રહ્યો છે. ત્યારે વિશ્વની હાલની ૭૭૯ કરોડ વસ્તીમાં પ્રતિ વર્ષે આઠ કરોડ ૧૦ લાખનો વસ્તી વધારો ઉમેરાય છે. વિશ્વ વસ્તીનો ભૂતકાળનો અભ્યાસ કરીએ તો જાણવા મળે છે કે એક અબજ વસ્તી વધારો થતા ઈ.સ. ૧૮૫૦માં ૨૫ લાખ વર્ષ થયા હતા. જયારે ઈ.સ. ૨૦૨૦માં એક અબજ વસ્તી વધારો થતાં ૮ વર્ષ લાગે છે. આટલો બધો ઝડપી વસ્તી વધારો માનવના અસ્તિત્વ માટે જોખમરૂપ જ ગણાય. હજુ આપણે વિગતે જોઈએ તો જાણવા મળશે કે,

વિશ્વની વસ્તી ઈ.સ. ૧૮૫૦માં ૧ અબજ થતા ૨૫ લાખ વર્ષ થયાં.

વિશ્વની વસ્તી ઈ.સ. ૧૯૩૦માં ૨જો અબજ ઉમેરાતા ૮૦ વર્ષ થયાં.

વિશ્વની વસ્તી ઈ.સ. ૧૯૬૦માં ૩જો અબજ ઉમેરાતા ૩૦ વર્ષ થયાં.

વિશ્વની વસ્તી ઈ.સ. ૧૯૭૫માં ૪થો અબજ ઉમેરાતા ૧૫ વર્ષ થયાં.

વિશ્વની વસ્તી ઈ.સ. ૧૯૮૭માં ૫મો અબજ ઉમેરાતા ૧૨ વર્ષ થયાં.

વિશ્વની વસ્તી ઈ.સ. ૧૯૯૭માં ૬ઠો અબજ ઉમેરાતા ૧૦ વર્ષ થયાં.

વિશ્વની વસ્તી ઈ.સ. ૨૦૦૬માં ૭મો અબજ ઉમેરાતા ૯ વર્ષ થયાં. વિશ્વની વસ્તી ૭૭૯ કરોડ થઈ છે. સમગ્ર વિશ્વમાં દરરોજ ૧,૪૬૦૦૦ બાળકોનો જન્મ થાય છે અને ૫૭૦૦૦ બાળકોનું મૃત્યુ થાય છે એટલે કે ૮૯૦૦૦ બાળકોનો ચોખ્ખો વધારો દરરોજ થાય છે.

ભારતમાં ૧૯૪૭માં ૩૪ કરોડ વસ્તી હતી જયારે જુલાઈ ૨૦૨૦માં ૧૩૯ કરોડ વસ્તી નોંધાઈ છે. જે આપણે ઓનલાઈન દ્વારા એક એક મિનિટે વસ્તી વધારો જાણી શકીએ છીએ. આજ સુધીના ૭૩ વર્ષમાં ૧૦૫ કરોડ વસ્તીનો વધારો થયો છે. ભારતમાં દરરોજ ૨૬૦૦૦ બાળકો જન્મે છે અને ૯૬૦૦ મૃત્યુ પામે છે. એટલે કે ૧૬૪૦૦ બાળકોનો ચોખ્ખો વધારો ભારત દેશમાં દરરોજ થાય છે. આ રીતનો દેશમાં અને વિશ્વમાં વસ્તી વધારો થયા કરશે તો વસ્તી વધારાથી ઉભી થતી સમસ્યાઓથી માનવજાતને પીડાવું પડશે અને અનેક સમસ્યાઓનો ભોગ બનવું પડશે જેવી કે.,

૧. વસ્તી વધારાથી અન્નની સમસ્યા ઉભી થશે.

૨. વસ્તી વધારાથી રહેઠાણની સમસ્યા ઉભી થશે.

૩. કુદરતી સંપતિના ખજાનાનો આડેધડ ઉપયોગ થશે.

૪. હવા, પાણી અને જમીનનું પ્રદુષણ વધશે.

૫. કુદરતની જૈવિક વિવિધતામાં ખલેલ પહોંચશે.

૬. શિક્ષણ અને આરોગ્યની સગવડો પૂરી પાડી શકાશે નહીં.

૭. બેરોજગારોની સંખ્યામાં વધારો થશે.

૮. લાંચ, રુશવતમાં વધારો થશે.

૯. નીતિ મૂલ્યો નેવે મૂકાતાં જશે.

૧૦. માનવજીવનની ગુણવત્તા નીચે ઉતરતી જશે.

૧૧. કોરોના વાયરસ, કોવિડ-૧૯ જેવા મહાસંક્રમિત વાયરસ સામે રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થશે.

● વસ્તી શિક્ષણ :

દેશ અને વિશ્વમાં ઉપરોક્ત સમસ્યાઓ ઉભી ન થાય તે માટે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO), સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા (UNO) IPPF અને UNESEF જેવી વૈશ્વિક સંસ્થાઓએ જનસમુદાયને સભાન કરવા વસ્તી શિક્ષણ આપવાનું માળખું ઘડ્યું. વિશ્વમાં જન્મે તે જીવે, જીવે તે તંદુરસ્તમય અને સુખમયરીતે જીવે. વસ્તી શિક્ષણ લક્ષિત દંપતીને કેટલાં બાળક પોસાય તેની સમજ આપવાનો કાર્યક્રમ છે, અંધશ્રદ્ધા - વ્હેમ છોડવાનું ભગીરથ કાર્ય છે, ૨૧ વર્ષની ઉંમરે લગ્ન કરવાની ઝુંબેશ છે. એક જ બાળકના સંકલ્પની શીખ છે. જન્મેલા બાળકને ત્રણ વર્ષ સુધી માતાનું ધાવણ ધવડાવવાની શીખ છે. દીકરો-દીકરી એકસમાન ગણવા માટેનું અભિયાન છે. કુટુંબકલ્યાણ, બાળઆરોગ્ય, રસીકરણ કાર્યક્રમોને અમલમાં મૂકવાની સમજ આપતું શિક્ષણ છે, હવા, પાણી, ઊર્જા અને પર્યાવરણ બચાવવાની સમજણ આપતું શિક્ષણ છે.

● લોકજાગૃતિ અભિયાન :

વસ્તીવધારો અટકાવવા જરૂર મુજબની વસ્તી વિશ્વમાં રહે તે માટે વસ્તી શિક્ષણ આપવાની વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી. વસ્તી શિક્ષણનો વ્યાપ વધારવા સરકારી તંત્ર એકલું પહોચી નહીં વળે. સરકારી તંત્ર નાણાકીય બાબતમાં પણ પહોચી નહીં વળે. તેવા સંજોગોમાં જનસમૂહની ભાગીદારી આવશ્યક છે. જનસમૂહ જોડાય તો જનસમૂહના પ્રશ્નોનું જાતે નિવારણ થાય ત્યારે લોકજાગૃતિ અભિયાનમાં નીચે મુજબનાં માધ્યમોનો ઉપયોગ કરી શકાય.

૧. શૈક્ષણિક સંસ્થાઓ દ્વારાઃ માધ્યમિક શાળાઓ અને યુનિવર્સિટીના મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ, શિક્ષકો દ્વારા લોકજાગૃતિ અભિયાન હાથ ધરી શકાય.

૨. ગ્રામ્ય સમુદાય દ્વારા : ગામડાઓમાં રહેતા ગ્રામસમુદાયમાં ઘણી બધી પ્રવૃતિઓ યુવક મંડળો, યુવતી મંડળો, મહિલા મંડળો, ભજન મંડળો, દ્વારા હાથ ધરી શકાય.

૩. સરકારી અને સ્વૈચ્છિક સંગઠનો દ્વારાઃ વસ્તી વધારો અટકાવવા માટે રાજ્ય, જિલ્લા , તાલુકા અને ગ્રામપંચાયત સ્તરના સરકારી કર્મચારીઓ પણ આ અભિયાન હાથ ધરી શકે છે. ઉપર મુજબનાં ત્રણ માધ્યમો જુદીજુદી પ્રવૃતિઓનું આયોજન કરી વસ્તી વધારાને અટકાવવા માટેની સાચી સમજણ જનસમૂહ સુધી વારંવાર પહોચાડી શકે છે.

● પ્રતિજ્ઞા પાલનઃ

વિશ્વ વસ્તી વધારો અટકાવવા શાળા, મહાશાળાના પ્રત્યેક વિદ્યાર્થીઓએ અને ગ્રામકક્ષાએ ચાલતાં યુવક-યુવતી મંડળ, ભજન મંડળના પ્રત્યેક સભ્યોએ પ્રતિજ્ઞા લેવી જોઈએ કે -- હું મારા પોતાના, મારા કુટુંબના, મારા ગામના, મારા સમાજના, મારા દેશના અને મારા વિશ્વના કલ્યાણ માટે પ્રતિજ્ઞા કરું છું કે -

૧. હું બાળલગ્નો થતાં અટકાવીશ.

૨. હું મોડા લગ્ન- ૨૧ થી ૨૫ વર્ષની વયે લગ્ન કરીશ.

૩. હું દહેજ માગીશ નહી કે આપીશ નહી.

૪. હું એક જ બાળકવાળા પરિવારનો આદર્શ સ્વીકારીશ.

૫. હું દીકરા-દીકરીને એક સમાન મહત્વ આપીશ.

૬. હું વસ્તી શિક્ષણ અને નિરામય જીવનના સંદેશાઓને મારા ઘરમાં, પડોશમાં, ગામમાં ઘેર ઘેર જઈ પહોચાડીશ.

૭. હું 'યુવક-યુવતીઓને પડકાર, એક બાળકનો નિર્ધાર' સૂત્રને અપનાવીશ અને અપનાવવા માટે બીજાઓને કહીશ.

મહાત્મા ગાંધીએ ઈ.સ. ૧૯૨૦માં સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવદેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરામાં કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓને પોતાના મૂળ અભ્યાસની સાથે સાથે વસ્તી શિક્ષણ કલબ (Population Education Club) ની સ્થાપના કરવામાં આવેલી, જેમાં લેખ લખનારે ૧૨ વર્ષ સુધી વસ્તી શિક્ષણ કલબના ઈન્ચાર્જ અધ્યાપક તરીકેની કામગીરી સંભાળી હતી. મહાવિદ્યાલય કક્ષાએ અને આજુબાજુના ગામડાઓમાં ગ્રામકક્ષાએ વસ્તી શિક્ષણના સંદેશાઓ પહોચાડી વસ્તી નિયંત્રણ અને આરોગ્યની સુખાકારી માટેના સંદેશાઓ પહોચાડવાનું કાર્ય હાથ ધરાયું હતું.


● પ્રચાર માટેની પ્રવૃતિઓ :

શૈક્ષણિક સંસ્થાઓમાં અને ગ્રામકક્ષાએ વાતાવરણ નિર્માણ માટે તેમજ નવચેતના જાગૃતિ માટે પ્રચાર-પ્રસાર માટે નીચે મુજબની પ્રવૃતિઓ હાથ ધરી શકાય. નાના પરિવારનો સન્માન સમારંભ, બાળતંદુરસ્ત સ્પર્ધા, વાનગી હરીફાઈ, ગૃહશુશોભન હરીફાઈ, મહોલ્લા હરીફાઈ, રંગોળી સ્પર્ધા, ગીતગૂંજન, સુત્રલેખન, પોસ્ટર લગાવવાં, પત્રિકાઓ વહેંચવી, શેરી નાટક, ભવાઈ, વેશભૂષા, પ્રદર્શન, કઠપૂતળીના ખેલ, એક પાત્રીય અભિનય, નારી સંમેલન, વ્યક્તિગત સંપર્ક, ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, સંસ્કાર કાર્યક્રમો, અનુભવીનાં વ્યાખ્યાન, સાયકલ યાત્રા, પદયાત્રા, વિશ્વ વસ્તી સપ્તાહ, વિશ્વ આરોગ્ય સપ્તાહ, વિશ્વ પર્યાવરણ સપ્તાહનાં આયોજન કરી શકાય. ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ- સાદરામાં એક અધ્યાપક વસ્તી શિક્ષણ કલબ દ્વારા મહાવિદ્યાલય કક્ષાએ – ગ્રામકક્ષાએ ઉપર મુજબની પ્રવૃતિઓ કરી શકતો હોય તો રાજ્ય, રાષ્ટ્ર, વિશ્વની યુનિવર્સિટીઓના અનેક અસંખ્ય મહાવિદ્યાલયના અસંખ્ય અધ્યાપકો અધ્યાપનકાર્ય સાથે વસ્તી શિક્ષણની પ્રવૃતિઓ કરે તો વિશ્વ વસ્તી વધારાને નિયંત્રણમાં રાખી શકાય તેમાં બે મત ન હોઈ શકે. પહેલાં આપણે જાગીએ, આપણું કુટુંબ જાગે, આપણું ગામ જાગે, આપણો સમાજ જાગે, આપણું રાજ્ય જાગે, આપણું રાષ્ટ્ર જાગે, આપણું વિશ્વ જાગે તો વિશ્વ વસ્તીનું શિક્ષણ, સુખાકારી, સમૃધ્ધિમાં વધારો થશે. વિશ્વના કયા કયા દેશોને વસ્તી નિયંત્રણ કરવાની જરૂર છે અથવા વિશ્વના ક્યા કયા દેશોને વસ્તી વધારાની જરૂર છે તેનું મૂલ્યાંકન થઈ શકશે. આજે ઊજવાઈ રહેલા વિશ્વ વસ્તી દિવસને સાચા અર્થમાં ત્યારે જ ઉજવાયેલો ગણાવી શકાશે.

**ડાયરેક્ટ ❤ સે**

જ્ઞાનનું ઘમંડ સહુથી મોટી અજ્ઞાનતા છે
અને
પોતાની અજ્ઞાનતાની સીમાને જાણવી એજ સાચું જ્ઞાન છે...

## જન્મદિને વધામણી



નારાયણભાઈ એમ પટેલ
ચેરમેન
વાસ્તુનિર્માણ સોસાયટી
ફોન : ૨૩૨૨૭૭૩૦




હર્શલ રાકેશ બ્રહ્મભટ્ટ
મો. ૯૬૬૨૮ ૪૦૪૦૩



રવિ એમ પટેલ



હીરાબેન અંબવાણી



શ્લેક મેઘરાજાણી



મંજુબેન ભટ્ટી



ઉષા ચૌહાણ



ભાવિક એચ ગુરુબક્ષાણી
મો. ૮૫૧૧૦ ૪૭૮૪૬